દિવ્યાંગ સાધન સહાય યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- SJED/IWDMS1.0/e-file/17/2022/0029/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૯/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) ભુતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૧૦/૦૪/૧૯૭૦નો ઠરાવ નં.ઈડીબી/૧૦૬૯/૨૧૫૬૦/છ
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૦/૦૭/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૦/ન.૯/છ
(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૬/૮૯૦૬૧૫/ન.બા.૩/છ.૧
(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૬/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૫૨૦૮૩૩/છ.૧
(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૫૨૦૮૩૩/છ.૧
(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૩/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૫૨૦૮૩૩/છ.૧
(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૯/૦૯/૨૦૨૨નો પત્ર નં.અપગ/દિવ્યાંગ સાધન સહાય/૨૨-૨૩/૨૫૬.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૦/૦૪/૧૯૭૦ના ઠરાવથી રાજ્યમાં દિવ્યાંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુન: સ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૮/૦૪/૨૦૧૬ના ઠરાવથી આ યોજનામાં સાધન સહાય મર્યાદા વધારીને રૂ.૧૦૦૦૦/-ની કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૨૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી આ યોજનામાં સાધન સહાય મર્યાદા વધારીને રૂ.૨૦૦૦૦/-ની કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના તા.૧૦/૦૭/૨૦૨૦ના ઠરાવથી આ યોજનામાં દિવ્યાંગ લાભાર્થીઓને સ્વરોજગારલક્ષી કીટો આપવાની મંજૂરી આપવામાં આવેલ હતી. આ દિવ્યાંગોની સાધન સહાય યોજનામાં સુધારો કરવા બાબતે નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૭) પરના તા.૨૯/૦૯/૨૦૨૨ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૭) પરના તા.૨૯/૦૯/૨૦૨૨ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને દિવ્યાંગોની સાધન સહાય યોજનામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧) વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૬) પરના તા.૦૩/૦૨/૨૦૨૧ ના પત્રથી દિવ્યાંગ સાધન સહાય યોજનાની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર નક્કી કરવામાં આવેલ છે જેમાં શરત નંબર-૫ માં ડ્રૉ અંગેની શરત હોઈ, શરત નંબર-૫ રદ કરી તેની જગ્યાએ "જે જિલ્લામાં લક્ષ્યાંક કરતા ઓછી અરજીઓ આવેલ હોય તે જિલ્લાના બાકી રહેતા લક્ષ્યાંક પૂર્ણ કરવા જે જિલ્લામાં વધુ અરજી આવેલ હોય તે જિલ્લાના લાભાર્થીને લાભ આપવાનો રહેશે" તેમ સુધારો કરવામાં આવે છે.

(૨) વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૦/૦૭/૧૯૯૧ના ઠરાવથી દિવ્યાંગ સાધન સહાય યોજનામાં બન્ને પ્રકારના ( દિવ્યાંગતામાં રાહત થાય તેવા + સ્વરોજગારલક્ષી ) સાધનો ૫(પાંચ) વર્ષે બીજીવાર મંજુર કરી શકાય તે જોગવાઇમાં ફેરફાર કરી ૩(ત્રણ) વર્ષ બાદ બીજીવાર મંજૂર કરી શકાશે તેમ ઠરાવવામાં આવે છે.

(૩) વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના તા.૧૦/૦૭/૨૦૨૦ના ઠરાવથી સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ ખરીદવામાં આવતી સ્વરોજગારલક્ષી કીટો માટેની નક્કી થયેલ કિંમત રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદાની જગ્યાએ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વખતો વખત જુદા-જુદા ધંધા/રોજગારની ટુલકીટની નક્કી થયેલ કિંમતની મર્યાદામાં ફેરફાર કરવામાં આવે તો તે મુજબની કિંમતની મર્યાદા લાગુ પાડવાની રહેશે.

(૪) તેમજ દિવ્યાંગતામાં રાહત થાય તેવી કીટોની મહત્તમ કિંમત રૂ.૨૦,૦૦૦/- મર્યાદાની જગ્યાએ ઉદ્યોગ અને ખાણ વિભાગની તા.૦૩/૦૬/૨૦૧૬ની ખરીદ નીતિ મુજબ માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ અથવા Gem મારફતે કરવાની રહેશે અને Gem મારફતે ચીજ વસ્તુની ખરીદી કરતાં વખતોવખત જે ભાવ નક્કી થાય તે કિંમતે ખરીદી કરવાની મંજૂરી આપવામાં આવે છે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૧/૦૭/૨૦૨૩ તથા તા.૨૧/૦૯/૨૦૨૩ના રોજ ઓનલાઇન મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified

Signed by:P M Gameti
Section Officer
Date: 2023.10.25
18:03:58 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign